# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ટેક્નોલૉજીના સમન્વયથી ખેતી વધુ ઉત્પાદનકારી બને અને ખેડૂતોની આવક વધે તેવા અભિગમ સાથે આપણે આગળ વધી રહ્યા છે.

રાજકોટમાં ગોંડલ તાલુકાના પાટીદળ ખાતે વિમલ રિસર્ચ સોસાયટી દ્વારા નવનિર્મિત સંશોધન ભવનના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે પ્રકૃતિને સાથે લઈને આગળ વધવા પર પણ ભાર મૂક્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CM)**

. . . . . . . . . . . . .

# VALSAD SANJAN DAY

વલસાડમાં ઉમરગામ તાલુકાના કીર્તિસ્તંભ ખાતે પારસી સમુદાય દ્વારા સંજાણ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. પારસી સમુદાયના લોકોએ કીર્તિસ્તંભની પૂજા કરીને આ દિવસ ઉજવ્યો. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(V/C- NAVIN PATEL, PTC)**

. . . . . . . . . . . . .

# VALSAD SANJAN DAY

વલસાડમાં ઉમરગામ તાલુકાના કીર્તિસ્તંભ ખાતે પારસી સમુદાય દ્વારા સંજાણ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. પારસી સમુદાયના લોકોએ કીર્તિસ્તંભની પૂજા કરીને આ દિવસ ઉજવ્યો. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(V/C- NAVIN PATEL, PTC)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR PGVCL RAID

સુરેન્દ્રનગરમાં સાયલા અને સુદામડા પંથકમાંથી ગેરકાયદે વીજ જોડાણ મળતા 60 લાખ રૂપિયાનો દંડ કરાયો છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, પોલીસ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ – PGVCLના 90 જેટલા અધિકારીની ટુકડીએ આ બંને પંથકમાં વીજ તપાસ કરી. દરમિયાન કેટલાક અસામાજિક તત્વોના ઘરોમાં ગેરકાયદે વીજ જોડાણ પકડાતા તેમને દંડ કરાયો છે. આ સાથે જ પોલીસે નિયમોનો ભંગ કરનારા 13 વાહન પણ કબજે કર્યા છે.

. . . . . . . . . . . . .

# MANDAVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ આજે રાજકોટ રેલવેમથકથી રાજકોટ-પોરબંદર વચ્ચે દોડનારી વિશેષ ટ્રેનને લીલીઝંડી આપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું, રાજકોટ અને પોરબંદર વચ્ચે બે નવી સ્થાનિક ટ્રેન શરૂ થવાથી સૌરાષ્ટ્ર ક્ષેત્રના વિકેસને વધુ ગતિ મળશે. તેમજ મુસાફરોની સુવિધામાં વધારો થશે.

**(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)**

. . . . . . . . . . . . .

# GIR SOMNATH KHAT MUHURT

ગીરસોમનાથમાં આત્મનિર્ભર ભારત સંકલ્પ હેઠળ અંદાજે ચાર કરોડ 50 લાખ રૂપિયાના ખર્ચે ગોરખમઢીથી રામપરા માર્ગનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્ય ભગવાન બારડ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા. સૂત્રાપાડા તાલુકાના ગોરખમઢી ગામમાં પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ચાર કિલોમીટરના આ માર્ગ અને આરોગ્ય પેટા કેન્દ્રનું ખાતમુહૂર્ત કરાયું.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR KABADDI SPARDHA

ગુજરાત રમતગમત સત્તામંડળ દ્વારા ભાવનગરમાં યોજાયેલા ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં ભાવનગરની વિદ્યાર્થિનીઓ વિજેતા બની છે. દેવરાજનગરની નંદકુંવરબા મહિલા મહાવિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં ઉત્તમ પ્રદર્શન કરીને આ વિદ્યાર્થિનીઓએ પહેલો ક્રમાંક મેળવ્યો છે.

. . . . . . . . . . . . .

## STATE WEATHER UPDATE

રાજ્યમાં હાલ એકસાથે બે ઋતુનો અનુભવ થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું, મોટા ભાગના જિલ્લાનું તાપમાન સામાન્ય કરતા ઓછું નોંધાયું છે. અમદાવાદનું પણ લઘુત્તમ તાપમાન 16.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ હોવાનું પણ શ્રી દાસે જણાવ્યું.

. . . . . . . . . . . . .

## SAMGRA SHIKSHA ABHIYAN-MAHISAGAR

મહીસાગરની તમામ પ્રાથમિક શાળાઓના માધ્યમથી સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત વિશેષ સર્વેક્ષણ હાથ ધરાયું છે. આગામી 23 તારીખ સુધી યોજાનારા આ સર્વેક્ષણ અંતર્ગત છથી 18 વર્ષના એવા બાળકોને શોધવામાં

આવશે, જેઓ વિવિધ કારણોસર શાળાથી બહાર છે અને તેમનું શિક્ષણ અધુરું રહ્યું છે. આ સર્વેક્ષણમાં શાળા બહારના બાળકો તેમજ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો સહિતના તમામ બાળકોને આવરી લેવાશે.

. . . . . . . . . . . . . .